અપીલ અરજી નં.૨૨૯ તા.૧૫-૧૧-૦૮

અરજદારઃ શ્રી એમ આઈ. આતશબાજીવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન

**હુકમઃ-**

**વિષય** :-આર ટીઆઈ એકટ હેઠળ શ્રી એમ આઈ. આતશબાજીવાલાની તા.૨૯-૯-૦૮ની અરજીથી વેડ રોડ ફટાકડાવાડીમાં આવેલ સર્વે નં.૭ માં સુરત ઈલે.કં।.(ટોરેન્ટો પાવર) વાળી જગ્યા પર બાંધકામ થયેલ છે તે કાયદેસર છે વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની મહિતી આપવા બાબત.

સંદર્ભ :- અરજદાર મજકુરની તા.૧૫-૧૧-'૦૮ ની અપીલ અરજી નં.૨૨૯/૨૦૦૮-૦૯

શ્રી એમ આઈ. આતશબાજીવાલાની તા.૨૯-૯-૦૮ની અરજીથી વેડ રોડ ફટાકડાવાડીમાં આવેલ સર્વે નં.૭ માં સુરત ઈલે.કં।.(ટોરેન્ટો પાવર) વાળી જગ્યા પર બાંધકામ થયેલ છે તે કાયદેસર છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની મહિતી આપવા બાબતે માહિતી નહીં આપવા અંગેના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫-૧૧-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૭૮૯ તા.૧૯-૧૧-૦૮ ના રોજ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કોઈ અપવાદ રજુ કરેલ નથી કે લાગુ પડતાં કિસ્સામાં કલમ-૧૧ હેઠળ ત્રાહિતને સ્પર્શતી કોઈ કાર્યવાહી અનુસરી અરજદારને સૂચિત કરેલ હોય તેવી કોઈ વિગતો અત્રે રજૂ કરવામાં આવેલ જણાતી નથી.

અરજદારે તા.૨૯-૯-૦૮ ની અરજી બાબતે અપીલ અરજીમાં માહિતી નહીં મળવા બાબતે તથા તે અંગે જાહેર માહિતી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહીની રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૯-૯-૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોઈ નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર જરૂર જણાય તો કલમ-૧૧ને અનુસરી દિન-૧૫ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

જયારે અપીલમાંની અરજદારની રજૂઆત લાગત "જાહેર માહિતી અધિકારી સામે શિક્ષાત્મક પગલા હાથ ધરવા બાબતે" શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ એકટની કલમ- ૨૦ હેઠળ રાજય માહિતી આયોગને હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી."

નં. આરટીઆઈ સેલ/ ૮૪૪
તારીખ : ૨૪-૧૨-૦૮.

૨૩/૧૨
ડે.કમિશ્નર(જનરલ),
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી એમ આઈ. આતશબાજીવાલા, ફલેટ નં.૩,યોગી પાર્ક અપા., નાગરદાસની વાડી પાસે, શાહપોર, સુરત.,.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.